# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

**1)** પ્રધાનમંત્રી કહ્યું કે વિશ્વની વિષમ પરિસ્થિતી વચ્ચે પણ ભારતનો વિકાસ મજબૂત રીતે આગળ વધી રહ્યો છે.

**2)** બિહારમાં, NDA ના નવા ચૂંટાયેલા ધારાસભ્યો આવતીકાલે પટનામાં તેમના નેતાની પસંદગી માટે મળશે.

**3)** ચૂંટણી પંચે આસામમાં મતદાર યાદીના વિશેષ સુધારાનો આદેશ આપ્યો.

**4)** રાષ્ટ્રીય તપાસ એજન્સીએ કાર બ્લાસ્ટ કેસમાં સંડોવાયેલા આતંકવાદીના વધુ એક સાગરિતની ધરપકડ કરી.

**5)** ભારતે,ISSF રાઇફલ અને પિસ્તોલ વર્લ્ડચેમ્પિયનશિપમાં 13 મેડલ સાથે ત્રીજા સ્થાને રહ્યું.

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત વિકસિત અને આત્મનિર્ભર બનવા આતુર છે. નવી દિલ્હીમાં છઠ્ઠા રામનાથ ગોએન્કા વ્યાખ્યાન આપતા શ્રી મોદીએ કહ્યું વિશ્વ અનેક આપત્તિઓ સામે સંઘર્ષ કરી રહયું છે, ત્યારે ભારત આત્મવિશ્વાસપૂર્વક ઉજ્જવળ ભવિષ્યની દિશામાં આગળ વધી રહ્યું છે.

(બાઇટ - PM MODI ON BRIGHT FUTURE)

શ્રી મોદીએ કહ્યું કે, 2022 માં, યુરોપિયન કટોકટીએ વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ અને ઊર્જા બજારોને અસર કરી, જેનાથી સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું અને તેમ છતાં, 2022-23 સુધી ભારતનો આર્થિક વિકાસ મજબૂત રીતે થઇ રહ્યો.

(બાઇટ  PM MODI ON GROWTH)

# BIHAR GOVT FORMATION

બિહારમાં, NDA ના નવા ચૂંટાયેલા ધારાસભ્યો આવતીકાલે પટનામાં તેમના નેતાની પસંદગી કરવા માટે મળશે. પાંચ ઘટક પક્ષો - ભાજપ, જનતા દળ (યુનાઇટેડ), લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ), હિન્દુસ્તાની અવમ મોરચા અને રાષ્ટ્રીય લોક મોરચાના ૨૦૨ NDA ધારાસભ્યો આ બેઠકમાં ભાગ લેશે. મુખ્યમંત્રી નીતિશ કુમાર ફરી એકવાર બિહારમાં NDA વિધાનસભા પક્ષના નેતા

તરીકે ચૂંટાય તેવી શક્યતા છે. ત્યારબાદ NDA વિધાનસભા પક્ષના નેતા રાજ્યમાં નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.

આ પહેલા, ભાજપ અને JD(U) અલગ-અલગ બેઠકોમાં તેમના વિધાનસભા પક્ષના નેતાઓની પસંદગી કરશે. આ બેઠકો પણ આવતીકાલે થવાની શક્યતા છે.

આ દરમિયાન, NDAના બે મુખ્ય ઘટક પક્ષો - ભાજપ અને JDU વચ્ચે સરકારની રચના, મંત્રીમંડળનું કદ અને વિવિધ ઘટક પક્ષોમાં મંત્રી પદોની વહેંચણી અંગે ચર્ચાઓ ચાલી રહી  છે.

અંતિમ નિર્ણય અને ભાજપના ટોચના નેતાઓ સાથે ચર્ચા માટે, જેડી(યુ)ના કાર્યકારી પ્રમુખ સંજય ઝા અને પાર્ટીના વરિષ્ઠ નેતા રાજીવ રંજન સિંહ ઉર્ફે લાલન સિંહ ગઈકાલે રાત્રે નવી દિલ્હી પહોંચ્યા હતા.

પટણાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ સમારોહ ગુરુવારે યોજાશે. નવી સરકારના શપથ ગ્રહણ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને એનડીએના વરિષ્ઠ નેતાઓ હાજરી આપે તેવી અપેક્ષા છે.

# AASAM

ચૂંટણી પંચે આસામમાં મતદાર યાદીના વિશેષ સુધારાનો આદેશ આપ્યો છે, જેમાં 1 જાન્યુઆરી 2026 તારીખ માન્ય રહેશે.

આસામના મુખ્ય ચૂંટણી અધિકારીને લખેલા પત્રમાં, પંચે જણાવ્યું હતું કે, સંકલિત ડ્રાફ્ટ મતદાર યાદીના પ્રકાશનની તારીખ આવતા મહિનાની 27મી તારીખ હશે. જ્યારે દાવાઓ અને વાંધા દાખલ કરવાનો સમયગાળો 27

ડિસેમ્બરથી 22 જાન્યુઆરી, 2026 ની વચ્ચે રહેશે. મતદાર યાદીના અંતિમ પ્રકાશનની તારીખ 10 ફેબ્રુઆરી, 2026 હશે.

# DELHI BLAST

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ લાલ કિલ્લા વિસ્તારમાં કાર બ્લાસ્ટ કેસમાં સંડોવાયેલા આતંકવાદીના વધુ એક મુખ્ય સાગરિતની ધરપકડ કરી છે.

શ્રીનગરથી કાશ્મીરી રહેવાસી જસીર બિલાલ વાનીની ધરપકડ કરવામાં આવી હતી. એજન્સીના જણાવ્યા અનુસાર, વાનીએ આતંકવાદી હુમલો કરવા માટે ટેકનિકલ સહાય પૂરી પાડી હોવાનો આરોપ છે, જેમાં 10 નિર્દોષ લોકોના મોત થયા હતા અને લગભગ 25 લોકો ઘાયલ થયા હતા.

NIA એ ખુલાસો કર્યો છે કે વાનીએ વિસ્ફોટ પહેલા ડ્રોનમાં ફેરફાર કર્યો હતો અને રોકેટ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમાં ઉમેર્યું હતું કે વાની હુમલાનો સક્રિય સહ-કાવતરાખોર છે અને આતંકવાદી હત્યાકાંડની યોજના બનાવવા માટે આતંકવાદી ઉમર નબી સાથે નજીકથી કામ કર્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## INDIA EXPORT

**ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલથી ઓક્ટોબરના સમયગાળા દરમિયાન ભારતની કુલ નિકાસ, જેમાં વેપારી માલ અને સેવાઓનો સમાવેશ થાય છે, તે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 4.8 ટકાથી વધુ વધીને 491.8 અબજ યુએસ ડોલર થઈ છે.**

**વેપારી માલની નિકાસ 0.62 ટકા વધી છે જ્યારે આયાત 6.37 ટકા વધી છે. આ વધારોનો મુખ્ય ફાળો બિન-પેટ્રોલિયમ નિકાસમાં સતત વધારો છે. 2025ના પ્રથમ સાત મહિના દરમિયાન, બિન-પેટ્રોલિયમ નિકાસનું મૂલ્ય 219.9 અબજ યુએસ ડોલર હતું, જે 3.92 ટકાનો વધારો દર્શાવે છે. આ જ સમયગાળા દરમિયાન કુલ આયાત 570 અબજ યુએસ ડોલર હોવાનો અંદાજ છે.**

# ASHWINI VAISHNAV

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે ઇલેક્ટ્રોનિક પાર્ટસના ઉત્પાદન યોજનાના બીજા તબક્કાની જાહેરાત ગઇકાલે કરી હતી. બીજા તબક્કા હેઠળ, સાત હજાર કરોડ રૂપિયાથી વધુના ખર્ચ સાથે 17 અરજીઓને મંજૂરી આપવામાં આવી છે.

આ પ્રસંગે, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કંપનીઓના પ્રતિનિધિઓને મંજૂરી પત્ર સોંપ્યો.

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ 17 પ્રોજેક્ટ્સ 60 હજાર કરોડ રૂપિયાના ઉત્પાદન અને 11,000 થી વધુ નોકરીઓનું સર્જન કરશે.

# BOARD OF PEACE

યુ.એન સુરક્ષા પરિષદે ગઈકાલે રાત્રે ગાઝા માટે અમેરિકાની યુદ્ધવિરામ-બોર્ડ ઓફ પીસની યોજનાનાને મંજૂરી આપી હતી..

આ યોજના થકી પેલેસ્ટિનિયન રાજ્યને એક સ્વતંત્ર રાજ્ય બનાવવા માટેનો એક પ્રયાસ છે.આ પરિષદમાં રશિયાએ આ યોજનાનો વિરોધ કર્યો હતો જો કે આ ઠરાવ 13-0 મત સાથે પાસ થયું.આ વોટિંગમાં ચીન ગેરહાજર રહ્યું હતું.

ઇઝરાયલ અને હમાસ વચ્ચેના બે વર્ષના યુદ્ધ પછી નાજુક યુદ્ધવિરામ અને ગાઝાના પુનઃઉત્થાન માટેના પ્રયાસો માટે આ મતદાન એક મહત્વપૂર્ણ પગલું કહેવાય છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની 20-મુદ્દાની યુદ્ધવિરામ યોજનાને સમર્થન આપે છે. જેમાં બોર્ડ ઓફ પીસ હેઠળ સરહદોની દેખરેખ, સુરક્ષા પૂરી પાડવા અને પ્રદેશ માથી લશ્કરને હટાવવા માટે અમેરિકાએ માંગ કરી છે. આ યોજનામાં આરબ અને અન્ય મુસ્લિમ દેશોએ પણ સહકાર આપ્યો છે. અમેરિકી રાજદૂત માઇક વોલ્ટ્ઝે ઠરાવને ઐતિહાસિક અને રચનાત્મક ગણાવ્યો, અને કહ્યું કે તે મધ્ય પૂર્વમાં એક નવો માર્ગ શરૂ કરે છે. તેમ જણાવ્યુ હતું.

## SHOOTER

ભારતીય શૂટર ગુરપ્રીત સિંહે ઇજિપ્તના કૈરોમાં ISSF રાઇફલ અને પિસ્તોલ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પુરુષોની 25 મીટર સેન્ટર પિસ્તોલ ફાયર ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો.

આ સાથે, ભારતે ચેમ્પિયનશિપમાં પોતાના અભિયાનનો અંત ત્રણ ગોલ્ડ, છ સિલ્વર અને ચાર બ્રોન્ઝ સહિત કુલ 13 મેડલ સાથે ત્રીજા સ્થાને રહ્યો.

## CRICKET

ક્રિકેટમાં, ભારત A ટીમ આજે દોહાના વેસ્ટ એન્ડ પાર્ક ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ACC મેન્સ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ 2025 માં તેમના અંતિમ લીગ સ્ટેજ મુકાબલામાં ઓમાન A ટીમ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે.

આજની મેચમાં ભારત કરો યા મરો જેવી સ્થિતિનો સામનો કરશે. ભારત A અને ઓમાન A બંને ટીમો બે-બે મેચમાં બે-બે પોઇન્ટ ધરાવે છે અને આજના વિજેતા ટીમ સેમિફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરશે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજે વિવિધ અખબારોમાં સાઉદીમાં બસ અકસ્માતમાં ભારતીયોના મોત, બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને ફાંસીના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- સંદેશે સાઉદીમાં ઉમરાહ માટે ગયેલા 45 ભારતીયોના મોત, નવગુજરાત સમય લખે છે સાઉદીમાં બસ અકસ્માત: 42 ભારતીય ઉમરાહ યાત્રાળુઓ સહિત 45ના મોત.
- દિવ્ય ભાસ્કરે હસીનાને સજા-એ-મોત, કહ્યું, આ નિર્ણય ખોટો છે, હું ડરવાની નથી ના સમાચાર પ્રથમ પાને છાપ્યા છે. ગુજરાત સમાચાર લખે છે બાંગ્લાદેશના પૂર્વ પીએમ શેખ હસીનાને ફાંસીની સજા. તો ફૂલછાબ લખે છે કે, હસીનાને ફાંસીની સજા; બાંગ્લાદેશમાં હિંસાની આગ.
- સ્થાનિક સમાચારોમાં રાષ્ટ્ર વિરોધી તત્વોના ડોઝીયર 100 કલાકમાં તૈયાર કરવા DGPનો આદેશ, રાજ્યના 10 જિલ્લામાં તાપમાન 15 ડિગ્રીથી નીચે, નલિયા 10.8 ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર, મગફળીની ખરીદી 1 લાખ ટનને પાર સહિતના સમાચાર વાંચવા મળી રહ્યા છે.